GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

# ધીરુબહેન પટેલનું કથાવિશ્વ

**ડૉ. નીલેશ મકવાણા**
**આસિ.પ્રોફેસર(ગુજરાતી) વર્ગ–2**
**સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ,બાવળા ,**
**મો.9924385003**

❖ **સારાંશ**

ગુજરાતી કથા સાહિત્યના આધુનિક યુગમાં ધીરુબેન પટેલનું નામ વિશિષ્ટ મહત્વ ધરાવે છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીજીવનની આંતરિક સંવેદનાઓ, સામાજિક વિસંગતતાઓ, માનસિક સંઘર્ષો તથા માનવીય સંબંધોની જટિલતા સશક્ત રીતે પ્રગટ થાય છે. આ સંશોધન લેખમાં ધીરુબેન પટેલના કથા સાહિત્યના મુખ્ય લક્ષણો, વિષયવસ્તુ, પાત્રનિર્માણ, ભાષાશૈલી અને સાહિત્યિક યોગદાનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**મુખ્ય શબ્દો**: ગુજરાતી કથા સાહિત્ય, ધીરુબેન પટેલ, સ્ત્રી સંવેદના, માનસિક અભિગમ, આધુનિક વાર્તા

❖ **પ્રસ્તાવના:**

ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના મૂર્ધન્ય સર્જક ધીરુબેન પટેલનો જન્મ: શતાબ્દી વર્ષ ઉજવાઇ રહ્યું છે, એ આપણે સૌ જાણીએ છીએ – ગુજરાતી સાહિત્માં સરોજ પાઠક, કુન્દનિકા કાપડિયા, વર્ષા અડલજા, ઈલા આરબ મહેતા વગેરે સ્ત્રી લેખિકાઓ સાથે ધીરુબેન પટેલનું નામ પણ કથાસાહિત્યના નિવડેલા અને અગ્રપંક્તિના સર્જક તરીકે જાણીતું છે. તેઓ એક સમર્થ વાર્તાકાર, નવલકથાકાર હોવાની સાથે કુશળ નાટ્યકાર અને બાળસાહિત્યના નિષ્ણાત પણ હતા. તેમનું સર્જન 'સ્વ' થી 'સર્વ' સુધી વિસ્તરેલું છે, જેમાં માનવીય સંવેદનાના અનેક રંગો જોવા મળે છે. ધીરુબેન પટેલ કહે છે કે, "લેખન એ મારે મન કોઈ વ્યવસાય નથી, પણ મારી જાત સાથેનો સંવાદ છે."

ધીરુબહેન પટેલ એક પ્રભાવક વ્યક્તિત્વ ધરાવે છે. ગુજરાતી સાહિત્યમાં અનુગાંધીયુગ પછીના કથાસાહિત્યમાં વિશિષ્ટ સર્જન પ્રદાન કરનારા સર્જકોઓમાં ધીરુબહેનનો નામોલ્લેખ એક સીમાસ્તંભ

જેવો છે. કારણ કે તેમની નવલકથાઓ, લઘુનવલો અને વાર્તાઓમાં તેમના સમયનો અવાજ અને તેમની સર્જનશક્તિનો અવાજ વિશિષ્ટ રીતે પ્રગટ્યો છે. ઔદ્યોગિક્રાંતિ, શહેરીકરણ, છેલ્લી સદીના બે વિશ્વયુદ્ધો, નગરસંસ્કૃતિ, માનવીના જીવનની જડગતિ આ બધાને કારણે માનવસમાજ એક વિશિષ્ટ પરિબળોમાંથી પસાર થયો અને તેના પડઘા વિશ્વસાહિત્યમાં પડ્યા, પરંતુ આ પ્રવાહોમાં એવું સનાતન સત્ય હતું કે, પાશ્ચાત્ય અને પૌર્વાત્ય બંન્ને સાહિત્ય સર્જકો માનવજીવનમાં આવેલા આ પરિવર્તનથી પ્રભાવિત થયા. પરિણામે સાહિત્ય જગતમાં તેની સીધી અસર આવી. લેખક પોતાની કથાને અસરકારક બનાવવા માટે કે પોતાના નાયક–નાયિકાના મનોજગતને વધુ સ્પષ્ટ કરવા માટે સ્વૈરકલ્પના (Fantacy), પૂરાકલ્પન (Myth), કલ્પન (Image), પ્રતીક (Symbol) વગેરેનો ઉપયોગ કરવા લાગ્યો. ભારતીય લેખકો માટે આ સમયગાળો હતો કે જ્યારે તેનું મનોજગત રાજકીય, ઐતિહાસિક અને સામાજિક ઘટનાઓથી પ્રભાવિત થયું હતું, અને એટલે જ અત્યાર સુધીની નવલકથાઓના ચરિત્રચિત્રણ જોઈએ તો તેમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ કે નારીચેતનાનો અણસાર ક્યાંક ક્યાંક ઝીલાયેલો હતો. તેને બદલે હવે તો નવલકથાકાર ચેતનાના અર્ધપારદર્શી આવરણને ખસેડીને જાણે કે, ચેતનાના નાના નાના રૂપોને પણ પ્રગટાવવા મથતો હોય એવી પ્રક્રિયા ગુજરાતી નવલકથાના સંદર્ભે આપણે જોઈ શકીએ છીએ. નિરંજના જોશી યોગ્ય જ કહે છે કે, "આજ સમયગાળામાં એક એવો પણ નવલકથાકારનો વર્ગ છે, જેને પરંપરાગત માળખામાં જ રસ છે. આધુનિક–અનુઆધુનિક વિચારધારાથી તેઓ લગભગ પોતાની સર્જક્તાને અસ્પૃશ્ય રાખે છે. એટલે એક એવા તારણ પર આવી શકાય કે, આજે નવલકથામાં પ્રયોગો માટેની કે સાહસ માટેની મોટાભાગના નવલકથાકારોની ઈચ્છા કે સ્વપ્ન નથી. આવા વાતાવરણ વચ્ચે આધુનિકતા કે અનુઆધુનિકતાનાં કોઈ પણ પ્રકારના સ્વાંગ વગર ધીરુબહેન પટેલ નવલકથા ક્ષેત્રમાં કેવું કામ કરે છે તેની તપાસ આપણે કરીશું. અને 'વડવાનલ'થી લઈ 'અતીતરાગ' અને છેવટે "અનુસંધાન" સુધીમાં પોતાની જ સર્જનયાત્રામાં તેઓ અનેક સ્થિત્યંતરો સાથે સભાનતાથી ચાલ્યાં છે."

નવલકથા સાહિત્યનું એવું સ્વરૂપ છે જે વિરાટ ફલક પર વેરાયેલું છે, ત્યારે સર્જકની જવાબદારી ખૂબ વધી જાય છે. કારણ કે તેણે અત્ર તત્ર વેરાયેલાં મોતીને પહેલાં એકઠાં કરવાનાં છે અને ત્યાં સર્જકની સર્જકપ્રતિભાનો સ્પષ્ટ પરિચય વાચકને મળી આવતો હોય છે. સફળ સર્જક પોતાની કલાથી અને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

પોતાના સમાજદર્શનને ક્યાંક કોઈક રીતે મૂર્તિમંત સ્વરૂપ આપતી વખતે કૂતુહલ, વિસ્મય, ઉત્તેજના સાંગોપાંગ ટકાવી રાખીને નવલકથાના પ્રકારમાં એક પછી એક પ્રકરણ ઉમેરતો જાય છે. તેની નજર પોતે સભાનતાપૂર્વક પસંદ કરેલી વસ્તુસંકલના પર હોય છે તો બીજી બાજુ તેનું સર્જક કૌશલ્ય સતત તેને પાત્રોના મનોવૈજ્ઞાનિક સંકલન તરફ ખેંચે છે. ધીરુબહેન પટેલની નવલકથામાં આપણે આ વસ્તુને સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. એટલે જ ધીરુબહેનનું સર્જન વિશેષ બની રહે છે. કારણ કે તેઓ (Women's Lib) જોડે જોડાયેલા ન હોવા છતાં નારી પ્રત્યેની તેમની સમસંવેદના જ તેમના સર્જનને વિશેષ બનાવી મૂકે છે.

ઈ.સ. ૧૯૬૩ થી ૨૦૦૩ સુધીમાં ધીરુબહેને સાહિત્યક્ષેત્રે અનેક સ્વરૂપ–પ્રદાનો કર્યાં. જેમાં તેમની નવલકથા, નવલિકા, નાટકો, બાળવાર્તાઓ, લઘુનવલો, હાસ્યકથાઓ, ભવાઈ, રેડિયોનાટક, અનુવાદો વગેરેનો સમાવેશ થાય છે. ધીરુબહેનની સર્જકપ્રતિભા બહુમુખી છે. તેઓ નવલકથાકાર, નવલિકાકાર, નાટ્યકાર, હાસ્યસાહિત્યના સર્જક, બાળસાહિત્યકાર, અનુવાદક અને કવિ છે. એટલું જ નહિ સમયે સમયે તેમની સર્જકચેતનામાં ઝીલાયેલાં પરિવર્તનો પણ તેમના સાહિત્યમાં પ્રગટેલાં આપણે જોઈએ છીએ.

❖ **ધીરુબહેન પટેલનું કથાવિશ્વ :**

ધીરુબહેન પટેલની આજીવન સાહિત્યસાધના પ્રેરણાદાયક બની છે. ધીરુબહેન પટેલનું સાહિત્ય સર્જન વિપુલ છે. નવલકથા અને લઘુનવલો, વાર્તાસાહિત્યને કેન્દ્રમાં રાખી,તેમની કથાસાહિત્ય પ્રત્યેની કેટલીક લાક્ષણિકતાઓ સહજ ધ્યાન ખેંચે છે. ધીરુબહેન પટેલ પાસે કથાલેખનની પરિપક્વતા છે. વિષયની માવજત કરવાની કળા છે. મનુષ્યના મનને તગવાની એમની પાસે શક્તિ છે. લેખિકાની નવલકથા અને લઘુનવલો, વાર્તાઓ "મિડલ ક્લાસ" અથવા "હાયર મિડલ ક્લાસ" કુટુંબની છે. અને તેમાં પણ મનોવૈજ્ઞાનિક અભિગમ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ મનોવૈજ્ઞાનિક અભિગમના મૂળમાં તો સમાજ રહેલો છે. ધીરુબહેને બાર નવલકથાઓ અને પાંચ લઘુનવલોમાંથી લગભગ આઠ જેટલી કથાઓ નારીકેન્દ્રી છે. નારી પ્રત્યેનો તેમના વિચારોખૂબજ સ્પષ્ટ છે. નારી એ અબળા નહીં પરંતુ એક વ્યક્તિ છે. તેને પોતાના વિચારો, વલણો, ભાવ–પ્રતિભાવો હોઈ શકે છે. સર્જકે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

સાહિત્યમાં નારી પ્રત્યેની છબી પ્રગટ કરી છે તેમના હૃદયમાં પડેલું નારીનું પ્રતિબિંબ તેમણે પોતાના સર્જનમાં અવતાર્યું છે. નિરંજના જોશી યોગ્ય જ કહે છે કે, “આજ સમયગાળામાં એક એવો પણ નવલકથાકારનો વર્ગ છે, જેને પરંપરાગત માળખામાં જ રસ છે. આધુનિક–અનુઆધુનિક વિચારધારાથી તેઓ લગભગ પોતાની સર્જકતાને અસ્પૃશ્ય રાખે છે. એટલે એક એવા તારણ પર આવી શકાય કે, આજે નવલકથામાં પ્રયોગો માટેની કે સાહસ માટેની મોટાભાગના નવલકથાકારોની ઈચ્છા કે સ્વપ્ન નથી. આવા વાતાવરણ વચ્ચે આધુનિકતા કે અનુઆધુનિકતાનાં કોઈ પણ પ્રકારના સ્વાંગ વગર ધીરુબહેન પટેલ નવલકથા ક્ષેત્રમાં કેવું કામ કરે છે તેની તપાસ આપણે કરીશું. અને 'વડવાનલ'થી લઈ ‘અતીતરાગ' અને છેવટે “અનુસંધાન” સુધીમાં પોતાની જ સર્જનયાત્રામાં તેઓ અનેક સ્થિત્યંતરો સાથે સભાનતાથી ચાલ્યાં છે.”

'વડવાનલ', ‘શીમળાનાં ફૂલ', 'વાવંટોળ', 'વમળ', 'આંધળી ગલી', 'કાદંબરીની મા’, ‘એક ડાળ મીઠી’, 'હુતાશન', 'અતીતરાગ', આ બધી જ કથાઓમાં નારી કેન્દ્ર સ્થાને છે. આ કથાઓમાં નાયિકાઓને માધ્યમ બનાવી સર્જકે નારી નિસ્બત પ્રગટ કરી છે અને નારી અન્યાય પ્રત્યે અવાજ ઉઠાવ્યો છે. ધીરુબહેનની સર્જકપ્રતિભાની આ રેખાને સુરેશ દલાલ સુયોગ્ય રીતે સંવેદતા કહે છે કે, “નારીમુક્તિનો કોઈ વાવંટોળ કે કોઈ મશાલ લઈને તેઓ ન ફરે. પરંપરાને એ ધિક્કારતા નથી અને ધુત્કારતા નથી. એની આંધળી પૂજા પણ નથી કરતા. એક અલગ ટાપુ જેવું વ્યક્તિત્વ છે. પૂરમાં પણ ન તણાય એવું વ્યક્તિત્વ છે. દૃઢસંકલ્પી પણ આક્રમક નહીં. કલેશ જેવું લાગે તો ચૂપચાપ ખસી જાય. વિચાર અને આચારમાં અત્યંત સ્પષ્ટ અને સ્વચ્છ.”

ગુજરાતી કથાસાહિત્ય અનેક નામી નવલકથાકારો અને તેની પ્રતિભાથી સમૃદ્ધ થયું છે. પરંતુ એ તો નોંધવું જ રહ્યું કે તેમાં સ્ત્રીસર્જકો આંગળીના વેઢે ગણી શકાય એટલા જૂજ છે અને આ જૂજ સર્જકોમાં ધીરુબહેનનું સબળ સર્જક વ્યક્તિત્વ અલગ તરી આવે છે. ધીરુબહેનના સર્જનની એ વિશેષતા રહી છે કે તેઓ કોઈ એક સીમારેખામાં બંધાયાં નથી. પરંતુ સમાજદર્શન સર્જકના રાગવિશેષ પાત્રોના મનોજગત, કથાસાહિત્ય, વહેમ અને વળાંકથી તેઓ પૂરેપૂરા વાકેફ હતાં. અને ત્યાર પછી તેઓ પોતાના સર્જનને શબ્દદેહ આપતાં રહ્યાં છે. નિરંજના જોશી નોંધે છે તેમ, ધીરુબહેનના આ શબ્દો તેમના સર્જક તરીકેની

વિશેષતાને સારી રીતે પ્રગટ કરે છે. "સર્જન પાછળ મારું મન જ મારી પ્રેરણા, મનમાં ઊગે તે સાચું. કૃતિ મનમાં ઘડાય જાય પછી જ લખવા બેસું. એક જ વાર લખું. First draft is final draft એવું કાયમ બને છે. મનમાં પાકુ બેસે નહીં ત્યાં લગી કાગળને હાથ ન અડાડું." કદાચ આ કારણે તેઓ વિશાળ ભાવક અને વિવેચક બંને વર્ગોનો પ્રેમ મેળવી શક્યાં છે. માનવજીવનની વિવિધ સમસ્યાઓ માનવમનની આંટીઘૂંટીઓ માનવચેતનાના વિવિધ સ્થિત્યંતરો સ્ત્રી–પુરુષના વિવિધ સ્વરૂપો, સૌંદર્ય અને કુરુપતાનું રસાત્મક નિરૂપણ, મહાનગરો અને વિશેષતઃ ચરોતરના ગામડાઓનું સામાજિક, આર્થિક, માનસિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું વાસ્તવદર્શી આલેખન કરીને ધીરુબહેન ગુજરાતી નવલકથાને એક વિશેષ ચેતના આપવામાં સફળ રહ્યાં છે."

ધીરુબહેન પટેલે નારીકેન્દ્રી સર્જન કર્યુ છે છતાં 'નારીવાદી' એ બનતા નથી. સ્ત્રીલેખન વિષયક પ્રશ્નોની સભાનતા છતાં પડકાર કરતાં સ્વીકારનો સ્વર વધુ સંભળાય છે. તેમણે કેટલીક નવલકથાઓમાં ચર્ચેલી સમસ્યા સ્ત્રીની અનુભૂતિને વધારે અંગત રીતે સ્પર્શે છે. સ્ત્રી પણ સ્ત્રીની શત્રુ બની શકે છે. એટલે માત્ર પુરુષને જ સ્ત્રીની વિરુદ્ધ મૂકવાની જરૂર નથી. તેમનું માનવુ છે કે ઘર, બાળકોની સાર સંભાળ અને સમાજ રીતરિવાજ એ જ નારીજીવનની પૂર્ણતા નથી. સ્ત્રીને પણ પોતાનું આગવું વ્યક્તિત્વ છે અને સમાજે તેનો સ્વીકાર કરવો જ જોઈએ. રઘુવીર ચૌધરી જેવા સમર્થ સર્જક પણ ધીરુબહેનની સર્જકતાને જાણ્યે અજાણ્યે અભિનંદે છે. "પુરોગામી અને સમકાલીન લેખિકાઓ સરોજિની મહેતા, લાભુબહેન મહેતા, ધીરજબહેન પારેખ અને વિનોદિની નીલકંઠથી પણ ધીરુબહેનની સજ્ઞતા અને સર્જકતા ચડિયાતી છે. "વડવાનલ' જ નહીં 'વાંસનો અંકુર' પણ ધીરુબહેનની નોંધપાત્ર કામગીરીમાં સામેલ છે. એમની સરખામણી કુન્દનિકા કાપડિયા સાથે કરવા જતાં બે ભિન્ન પરિમાણોને સાથે મૂકવા જેવું કદાચ થાય. કુન્દનિકાબહેનના ગદ્યનું કાવ્યતત્ત્વ એમની તત્ત્વદષ્ટિને ઉપકારક નીવડે છે. ભાવસંચલનોની સૂક્ષ્મતાઓ અને કલ્પના આસ્વાદ્ય હોય પરંતુ સંઘર્ષ જાણે કે એ બધામાં ઓગળી જાય છે."

ધીરુબહેન પટેલ પારદર્શી સ્પષ્ટ વિચારધારા દર્શાવતા તેમની નવલકથા 'વડવાનલ'માં આત્મપીડન એ સૌથી મોટો અપરાધ છે એમ બતાવે છે. તેમણે રેખાના માનસિક વલણોનું આલેખન કરી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

રેખાની અભિવ્યક્તિની તીવ્રતા સફળતાપૂર્વક રજૂ કરી છે. 'શીમળાના ફૂલ' નવલકથાની નાયિકા રન્ના વિમલ જોડેના ગૃહત્યાગ પછી પુનઃમિલન આગળ અન્ય સર્જકે નવલકથાનો અંત લાવી દીધો હોત, પણ આ કથા આગળ ચાલીને વળાંક લે છે. રન્ના સમજે છે કે વિમલ સાથેનો સંબંધ અણગમાના ભારથી તૂટયો હતો તે હવે ફરી જીવીત થવાનો નથી. તેથી તે ચાલી જાય છે અહીં સર્જકે નારી નિસ્બત ધરાવતો અભિગમ વ્યક્ત કર્યો છે. તેમના અન્ય સ્ત્રીપાત્રો તાચા, સ્વાતિ, નીલિમા, કાદંબરી, પાયલ, વિજ્યા, સવિતા, કુંદન, વત્સલા બધાં પાત્રો પરંપરાગત મૂલ્યોથી અળગા થઈને સ્ત્રીના વ્યક્તિત્વને એક અલગ અસ્તિત્વ તરીકે સ્થાપે છે. ધીરુબહેનની કૃતિઓમાં સ્ત્રી હોવાની સાથે સભાનતા, સ્ત્રીમનના પ્રશ્નો, વેદનાની વાત સાહજિકતા, પ્રમાણિકતા અને ઊંડી બૌદ્ધિકતાથી રજૂઆત થઈ છે.

ધીરુબહેન પટેલની નવલકથાઓના નારીપાત્રો જુદી જુદી વૈયક્તિકતા ધરાવે છે. તાચા જે પોતે તાપમાં તપીને બીજાને છાંયડો આપે છે. કોઈનો સામેથી પ્રતિકાર કરતી નથી. રેખા પણ સામેથી મળેલી પીડા સહન કર્યે રાખે છે પ્રતિકાર કરતી નથી. રેખા અંજનાથી હંમેશા દૂર રહેવા માંગે છે. રન્ના પતિ જોડે એવું અખંડ સાયુજ્ય ઈચ્છે છે જેમાં પોતાના વ્યક્તિગત અહમને ભૂલીને બંને એકબીજાને પામે. નીલિમા નિસ્વાર્થી છે જે પોતાનું સર્વસ્વ અર્પણ કરી કંઈ જ ન લેવાની અપેક્ષા સેવનારી, વેદનાનો એક અંશ પણ બહાર છલકાવ્યા વિના પોતાનું કશું જ નથી એવું સાહજિક રીતે જ માનતી, ગંભીરતાઓ અને અસ્વસ્થતાઓ સહજતાથી મનમાં સંઘરી સદાય સુખી લાગતી, સુખનું સર્જન કરતી એક વિલક્ષણ નારીનું નિરૂપણ નીલિમાના પાત્રમાં લેખિકાએ કર્યું છે.

લેખિકાની નવલકથાઓમાં પાત્રવિધાન કળા માનવીય મનના ઊંડાણ સુધી પહોંચતી, વિકસતી, વિલસતી, વિલયપામતી સર્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયાઓને એટલી સહજતાથી એમણે નરી આંખે જોતા હોઈએ એ રીતે પ્રત્યક્ષ રજૂ કર્યા હોવાથી બધા જ પાત્રો વાસ્તવિક અને તર્કબદ્ધ બન્યા છે.

સ્ત્રીસંબંધ ધરાવતા હોવા છતાં પુરુષપાત્રોને પણ સંપૂર્ણ ન્યાય આપવા જેટલી તેમની સક્ષમ સજાગતા નોંધપાત્ર છે. "શીમળાનાં ફૂલ' નવલકથાનું પુરુષપાત્ર વિમલ દ્વારા સ્ત્રીમાનસના ઊંડાણમાં પુરુષવિશેષના ખ્યાલોને અંકિત અસરો જાણી શકાય છે. વિમલનું માનસ જેનું ઉંડુ વિશ્લેષણ થયું છે તેમાંથી અપાર મનોવૈજ્ઞાનિક સંકુલતા અને રહસ્ય આવિષ્કૃત થવા પામ્યાં છે. 'વાવંટોળ'માં તાચા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

પ્રભાવી અને સબળ પૂરવાર થઈ છે. અતુલે તાયા ને સામાન્ય સંસારી સ્ત્રી લેખી ન હતી. પ્રાકૃતિક સંબંધના આવેગભર્યા ઉછાળાનું કેન્દ્ર બની નથી. સ્ત્રીત્વ કે પુરુષત્વના પ્લેટફોર્મ છોડીને ફક્ત માનવી તરીકે જીવતા પાત્રને જોતી નાયિકા આધુનિક નારીની પ્રતિનિધિ બની રહી છે. નરેન્દ્ર શિક્ષિત છે તો બીજી બાજુ સ્વાતિનો પતિ બિરજુ, સોનાના પિંજરામાંથી મુક્તિ મેળવી આત્મનિર્ભર બનેલો કેશવ અને સરમુખત્યાર રમણિકલાલ, આધુનિક ત્રિશંકુ ઈશાન, સ્વાર્થી અને વ્યવહારુ આશુતોષ, અર્ણવ જીવનના આખરી પડાવે અનુસંધાન સાધતા શ્રીધર – આ બધા જ પુરુષપાત્રો પણ ધીરુબહેનની કલમથી સંપૂર્ણ સંયમિત ન્યાય આલેખન પામ્યાં છે.

સ્ત્રી–પુરુષ સંબંધોમાં મિત્રભાવના દર્શાવી સર્જકે નારીજગતની ક્ષિતિજને વિસ્તાર પામતી બતાવી છે. સમાજ અને વાતાવરણમાંથી પ્રભાવિત થયેલાં સ્ત્રી અને પુરુષના સંબંધો માત્ર પતિ–પત્ની, ભાઈ–બહેન કે મા–દીકરા જેવા પારંપરિક ન રહેતા ગાઢ મિત્રસંબંધ રહી શકે જેના ઉદાહરણ વિમલ–પલ્લવી, અજય–નીલિમા, વિજ્યા–સખારામ બની શકે.

ધીરુબહેન પટેલ સ્ત્રી–સ્ત્રી વચ્ચેના સંબંધોને આગવું સ્થાન આપી શક્યા છે. સાસુ–વહુના સંબંધની જે પારંપરિક છબી સમાજમાં પ્રદર્શિત છે, તેને લુપ્ત કરવા અથવા તો તેમાંથી યોગ્ય માર્ગ કાઢતી છબી રજૂ કરી છે. કાદંબરી–વિજ્યા, સવિતા–ચંચળબા, સ્વાતિ–ચંદનબહેન, શેફાલી–વત્સલા, સોનાલી–શોભના વગેરે ચિરંજીવી ઉદાહરણ છે.

સંબંધો તાસના પત્તાના બનાવેલ મહેલ જેવા ન હોવા જોઈએ. સંબંધો તો પહાડ જેવા અડીખમ હોવા જોઈએ. સંબંધોની મહિમા સમજી ચૂકેલા લેખિકાની મનની અતિસંકુલ ગ્રંથિઓને વિશ્લેષિત અને અભિવ્યક્ત કરવાની નૈસર્ગિક ક્ષમતા જુદા જુદા સંબંધો દ્વારા પ્રગટી છે. દાંપત્યજીવનની પ્રસન્નતા કે વિસંવાદિતા સ્ત્રી–પુરુષની મૈત્રી, વ્યક્તિત્વનું વિલીનીકરણ, સ્વપીડન કે પરપીડન, પુનર્જન્મ સંદર્ભ, શોષણ બાદ સ્વઓળખ, પામવાની ઝંખના આ બધા દ્વારા વાચકને ખાત્રી થાય કે લેખિકાને મનોવિજ્ઞાનમાં પહેલેથી જ રસ છે. "અનુસંધાન"માં પણ માનવની મનોભિવ્યક્તિ અનોખી અને અભૂતપૂર્વ છાપ ઊભી કરી શકી છે. નરી આંખે જોઈ ન શકાય પણ સૂક્ષ્મતમ તિરાડો માટે કારણભૂત આવી અતિસંકુલ માનસિક ગ્રંથિઓને પાત્રબધ્ધ કરવાનું કલાકૌશલ લેખિકાની મનોવૈજ્ઞાનિક પ્રતિભાને

ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

ઉજાગર કરે છે. ઓચ્છવલાલના શોષિત જીવનમાં ગહન આંતરસંવેદના સાથે મનોવૈજ્ઞાનિક તાણાવાણાનું નિરીક્ષણ અને નિરૂપણ આગવું પ્રદાન છે. કુંદનની માનસિક ગતિવિધિ પણ ચિરસ્મણીય છે. ઈશાન, કેશવ, કાદંબરી, રેખા બધા જ સંકુલ ચૈતસિક સ્તરે આલેખાયા છે.

સર્જકે નવલકથાઓમાં અલગ અલગ દંપતીઓ દ્વારા ભાવક સમક્ષ દાંપત્યજીવનની વિવિધ તરાહો પ્રગટ કરી છે. પરેશ–શુભાંગી, અનીલ–કાદંબરી, નરેન્દ્ર–સવિતા, શ્રીપદરાવ–સુભગ, અજય–સ્વાતિ, ગગન–જ્યોત્સના, આશીષ–શેફાલી, વિનય–સોનાલી, વિમલ–રન્ના, ઓચ્છવલાલ–ચંદ્રિકા, આશુતોષ–રીમા, અર્ણવ–શામલી આ બધા વિવિધ ઉંમરના વિવિધ પરિસ્થિતિનાં દંપતીઓમાં અલગ અલગ સાંસારિક, સામાજિક, વૈયક્તિક, ભાવનિક, વૈચારિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખી છે. ક્યાંક પ્રેમ તો ક્યાંક પ્રેમની તૃપ્તી, તો ક્યાંક તેના અભાવે જન્મેલી નિષ્ફળતા કે અપૂર્ણતામાંથી પરિણમતી હતાશાઓને તમામ આંતરપ્રક્રિયાઓનું કેન્દ્રબિંદુ બનાવ્યું છે. બીજી વિશેષતા એ છે કે પ્રણય અને રોમાન્સનું આલેખન હંમેશા પ્રચ્છન્ન જ રહ્યું છે.

ધીરુબહેનની કૃતિઓમાં 'મા' તરીકેની છબી પણ જુદી જુદી ભાવસૃષ્ટિમાં આવી છે. આશિષના હૃદયમાં 'મા' વત્સલા માટેની આરંભમાં અને અંતે રહેલી લાગણી રેખાની આજીવન માતૃસ્નેહની અતૃપ્ત ઝંખના, કેશવ અને ઈશાનની માતૃદર્શનની અપ્રાપ્ય ઈચ્છા, કાદંબરીને સાસુ પ્રત્યે હંમેશા સંશયની નજરે જોવાની શીખ આપતી અન્ના, આમ 'મા' તો હંમેશા મા જ હોય છે પરંતુ તેમા પણ ફરક રહેલો છે. તેનું સૂક્ષ્મ નિરીક્ષણ સર્જકે કરી બતાવ્યું છે. ઘણી એવી નવલકથાઓ છે જેમા માતૃપિતૃહીન બનેલાં સંતાનો કાકા–કાકી કે મામા–મામી પાસે જ મોટાં થાય છે, સવિતા, બિરજુ, ગગન, અભિજિત, ઓચ્છવલાલ, વેણુ આ બધા પોતાના માતા પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલાં પાત્રો છે. આવી અવસ્થા પણ કદાચ માનસિક તાણનું કારણ હોઈ શકે.

કૃતિઓના શીર્ષકોમાં પણ ઔચિત્ય રહેલું છે. દા.ત. ' એક ડાળ મીઠી' શીર્ષકની પાછળ તેની નાયિકા સવિતા કડવા લીમડા જેવા સંસારમાં એકાદ સ્નેહની મીઠી સરવાણી જ ઝંખે છે. તો ઓચ્છવ જેવો ભલો માણસ તેને ખોટી રીતે સમય – સંજોગનો શિકાર બની ભલાઈ છોડી બુરાઈને ઉંબરે આવી ઊભો છે. કુંદનનો અનુભવ જ શીખવે છે કે આખરી મુકામ 'કુંદનવીલા' નહીં 'આંધળી ગલી' જ છે. તો

'વાંસનો અંકુર' શીર્ષક હેઠળ વાંસનો અંકુર ફૂટે ત્યારે મોટો અવાજ થાય છે. કેશવને આત્મપ્રસ્થાનની ઈચ્છા થતાં જ તેના વિરોધનો સૂર સંભળાય છે. "આગંતુક', 'અતીતરાગ', 'અનુસંધાન', 'હૂતાશન', 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ' – આ બધાં જ શીર્ષક સ્વકીય અર્થઘટન ધરાવી ઔચિત્ય પૂરવાર કરે છે. તુષાર દવે કહે છે કે, "ધીરુબહેન માનવમનની અગાધ શક્તિનું નિરૂપણ કરવામાં સફળ રહ્યાં છે. 'તાદથ્ર્ય'નું આ વિધાન જોઈએ તો ''આ લઘુનવલ મનોવૈજ્ઞાનિક ભૂમિકા પર રચાયેલી છે માટે કૃતિના પાત્રને હસતામલકવત્ રાખી વાતાવરણ ખડું કરવું પડે છે. લઘુનવલની સંકુલસૃષ્ટિમાં વાતાવરણની પીઠિકાને રચી કેશવના મનોવિન્યાસને રજૂ કરવાનો આશય લેખિકા માટે પ્રશંસ્ય છે. ગુજરાતી સાહિત્ય માટે લેખિકાની આ કૃતિ હંમેશા આવકારને પાત્ર રહેશે."

ધીરુબહેનની કૃતિઓમાં માનવસર્જીત સ્થાપત્યો જીવંત પાત્રો જેટલું મહત્ત્વ ધરાવે છે. દા.ત. 'અતીતરાગ'નું ત્રિભુવન ભવન, 'વાંસનો અંકુર'નું રમણિકમહલ, "આગંતુક"નું પદ્મરાગ અને ધ નેસ્ટ, 'કાદંબરીની મા'નું રતનમેનોર, 'આંધળી ગલી'નું કુંદનવીલા 'વાવંટોળ'નું હર્ષદવીલા આ બધાં સ્થાપત્યો જોડે નિવાસીઓનો ભૂમિપ્રેમ સંકળાયેલો દેખાય છે. તેમની કૃતિઓમાં અનેક જગ્યાએ કલાપ્રેમ દેખાય છે. જીવનાભિગમ પણ સચોટ રીતે દર્શાવ્યો છે. કેટલાંક એવાં પાત્રો સર્જ્યા છે જેના દ્વારા જીવનમૂલ્યોના હ્રાસની વ્યથાને વાચા આપી છે તો આજ અભિવ્યક્તિના ઉજળા પાસા તરીકે ભાષા પણ સર્જકે યોજી છે. તદ્દન સીધી સાદી પારદર્શક ભાષા હાથવગી, ઔચિત્યપૂર્ણ શબ્દાવલી રૂઢિપ્રયોગોનો સમુચિત છતાં છૂટ્ટે હાથે ઉપયોગ મનોવૈજ્ઞાનિક નિરીક્ષણ, સત્ય ઉક્તિઓ, ઉપમા, દ્દષ્ટાંત, અલંકારો આવી અનેક લાક્ષણિકતાઓ સાથે વાચકને ચિત્રાત્મક શૈલીમાં આસ્વાદ પૂરો પાડયો છે.

'ટૂંકીવાર્તા' ધીરુબેન પટેલનો મનીતો કળાપ્રકાર છે. ધીરુબેનની વાર્તાનો સમયપટ ઘણો મોટો છે. "અધૂરો કોલ" (૧૯૫૫), 'એક લહર" (૧૯૫૭), 'વિશ્રંભકથા" (૧૯૬૬), "ટાઢ' (૧૯૮૭), 'જાવલ' (૨૦૦૧) જેવા વાર્તાસંગ્રહો એનાં પ્રમાણ છે. ગાંધીવિચારથી લઈ કોરોનાના સમય સુધીનાં એ સાક્ષી છે. પરંતુ મધ્યમવર્ગીય રહનસહન, સમસ્યાઓ અને પરિવેશ એમની મોટા ભાગની વાર્તાઓનાં કથાબીજ છે. સુખી સંપન્ન મધ્યમ વર્ગની કથાઓ પણ એકથી વધુ મળે છે. ધીરુબેન ખાદી જ પહેરતાં છતાં ગાંધીવાદી નહોતાં. એમની ઘણી વાર્તાઓમાં સમાજની સમરસતા, નૈતિક મૂલ્યોની વાતો છે જે એક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

અર્થમાં ગાંધી વિચારનો જ વિસ્તાર છે. એવું જ નારી સંવેદનનું કે એ સ્ત્રી સમર્થક હતાં પરંતુ નારીવાદી નહોતાં. નારી પ્રત્યેની ખેવના એમની અનેક કૃતિઓમાં વિશેષ ભાવે જોવા મળે છે. એક જગ્યાએ એ કહે છે, 'હું નારીવાદી ન બની શકું કારણ કે મને પુરુષો ગમે છે. હું ખરેખર એવું નથી માનતી કે દરેક પુરુષ રાક્ષસ છે ને દરેક સ્ત્રી દેવી જ છે. હું નારીવાદી નથી જ કારણ આ તદ્દન બ્લેક, આ તદ્દન વ્હાઇટ એવું નથી. આખા સમાજમાં જુઓ તો સ્ત્રીઓને ભાગે વધુ અન્યાય અને દુ:ખ છે, પણ મેં અંગત રીતે આ બધું વેઠ્યું નથી એટલે મને એ અંદરથી નથી થતું." માનવમન, જીવવાની વિવિધ સ્થિતિ– પરિસ્થિતિઓ, લાગણીઓ અને કટોકટીભરી ક્ષણોનું આલેખન વિવિધ રીતે અને વિવિધ સ્તરેથી તેમણે કરેલું જોવા મળે છે. માત્ર નારી જીવન જ નહીં, સમગ્ર જીવન ઉપર પ્રકાશ ફેંકતા શેરડાઓ તેમની વાર્તાઓમાં પથરાયેલા જોવા મળે છે. જેટલું વિષયનું તેટલું નિરૂપણનું વૈવિધ્ય અલબત,તેઓ દાખવતાં નથી, છતાં સરેરાશ વાર્તાકાર કરતાં ઊંચા ગજાની કળાત્મકતા તેઓ અવશ્ય દાખવે છે. કેટલીક વાર્તાઓ વિચારોનું ખુલ્લાપણુ અને જીવવાનો અલગ મિજાજ દર્શાવે છે 'વિનીનું ઘર', 'સાતસો ફૂટની ટેકરી', 'વેડિંગ ગિફ્ટ', "રાઘવનના સહકાર્યકરો" જે અન્ય વાર્તાઓથી જુદી પડતી વાર્તા છે. આ ઉપરાંત "નહીં સાંધો નહીં રેણ', 'એક લહર', "ગોદડી", "લિપસ્ટીક" જેવી નોંધપાત્ર વાર્તાઓનો સંગ્રહ અને સમગ્ર વાર્તાસંપુટમાં સમાવેશ છે.

ધીરુબેનની વાર્તાઓ વાસ્તવિકતાની નજીક રહે છે. વ્યક્તિ અને સમાજનું વૈવિધ્ય દર્શાવે છે. એમની ભાષા હળવાશભરી છે અને બોલી કહેવતોની પ્રયુક્તિથી પાત્રોને એ વધુ પોતિકા બનાવી રજૂ કરી શકે છે. એમની વાર્તાઓ નૈતિક મૂલ્યોની, મનુષ્ય ભાવના અને ભાષાની જાળવણી કરવામાં સહાયક છે. ધીરુબેનના સર્જનને સમજવા માટે સંદર્ભ ગ્રન્થો તેમજ એમની મુલાકાત પુસ્તક સ્વરૂપે કે ગૂગલ ઉપર પ્રાપ્ય છે. એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો મે, ૨૦૨૩નો 'શબ્દસૃષ્ટિ'નો સ્મૃતિવિશેષાંક, "પરબ' સામયિક તેમજ અનેક નામાંકિત સંસ્થાઓએ યોજેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દ્વારા પણ ધીરુબેનના જીવન કવનને નજીકથી જાણી શકાય છે. તેમના વાર્તાસંગ્રહોનો અભ્યાસ કરતાં આ વાત વધારે સ્પષ્ટ થશે.

'કાર્તિક અને બીજા બધા' (૧૯૮૮), 'કાર્તિક રંગરસિયો' (૧૯૯૦) જેવી હાસ્યકેન્દ્રી નવલકથાઓ પણ તેમણે આપી છે. તેમાં પણ સંયમ અને સભ્યતાનો નિખાર આવ્યો છે. કેટલીક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

કૃતિઓમાં ગંભીર વિષયને કેન્દ્રમાં રાખી હળવી વિનોદપૂર્ણ કૃતિઓ બનાવી છે. તેમણે પાત્ર વૈવિધ્ય, શીર્ષક વૈવિધ્ય, બાહ્ય–આંતર, સંઘર્ષ વૈવિધ્ય, ગદ્યશૈલી વૈવિધ્ય, વાતાવરણ કથાંત, મનોવ્યાપાર, સમસ્યા, વેદના, પ્રસન્નતા બીજ રસ આ બધા સ્તરે વૈવિધ્યને કારણે એક સાથે તેમની નવલકથાઓ અને લઘુનવલો કંટાળાજનક બનતી નથી. તેમની નવલકથાઓ અને લઘુનવલોમાં સર્જક તરીકેની સજ્જતા ઉપરાંત એમના પરિપકવ વ્યક્તિત્વનું સામર્થ્ય પણ આવી મળ્યું છે. ધીરુબહેન પટેલ સફળતા–નિષ્ફળતા અને અપૂર્ણતાથી પૂરાં વાકેફ થઈ સર્જનકાર્ય કરતાં રહ્યાં છે, અને વિશાળ ભાવક વિવેચક વર્ગ મેળવી શક્યા છે, એ કોઈ જેવી તેવી વાત નથી. ધીરુબહેને કહ્યું : “એવું તો કોઈ લખાણ નથી, તમે બે કલાક થોભો તો હું તમને લખી આપું. મેં જલ્દી જલ્દી એક વાર્તા લખી 'મા’ત્માના માણસ”. આ વાર્તા બ્રોકરને ગમી.” (“આપણા સારસ્વતો પ્રત્યક્ષ અને પરોક્ષ', દીપક મહેતા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૫, પૃ. ૧૮) પ્રસ્તુત વાર્તામાં ગાંધીયુગનો સમય, સત્યાગ્રહીની ટેક, દેશ માટે કાંઈક કરી છૂટવાનો જુવાળ અને સૌથી વિશેષ તો સ્વતંત્રતાની લડતમાં સ્ત્રીઓની ભૂમિકા કેવી હતી એ વાત પણ આ વાર્તા દ્વારા જાણી શકાય છે. “સોનેરી પક્ષીનું પીંછું”, “ટાઢ”, “સારાં કાન્તાબેન’ જેવી વાર્તાઓ આ સંગ્રહની નોંધપાત્ર વાર્તાઓ છે. કિશોર વયનું માનસ રજૂ કરતી વાર્તા “સારાં કાન્તાબેન' સારું શું અને નરસું શું—એનો ભેદ ખોલી આપે છે. એક સ્ત્રી જેને નજીકનાં લોકો કે પડોશીઓ ચારિત્ર્યના એ લોકોએ નક્કી કરેલા માપદંડથી માપે છે. જ્યારે બાળકો અને કિશોરો માટે એનો ઉદાર અને માયાળુ સ્વભાવ એનાં સારાપણાનું પ્રમાણપત્ર છે.

### ❖ ઉપસંહાર

ધીરુબેન પટેલે ગુજરાતી કથાસાહિત્યને એક નવો વળાંક આપ્યો. તેમણે સાહિત્યમાં આધુનિકતા લાવવાની સાથે ભારતીય સંસ્કારો અને માનવીય મૂલ્યોને જાળવી રાખ્યા. 'ભવની ભવાઈ' જેવી ફિલ્મોનું લેખન હોય કે 'ગમ્મત ગુલાલ' જેવું બાળસાહિત્ય, તેમની કલમ હંમેશા તાજગીસભર રહી છે. આમ નિષ્કર્ષરૂપે કહી શકાય કે, ધીરુબેન પટેલે ગુજરાતી કથાસાહિત્યને એક એવી ઊંચાઈ આપી છે જ્યાં વાર્તા માત્ર મનોરંજન ન રહેતા, આત્મખોજનું સાધન બને છે. તેમની કૃતિઓ 'સમયની એરણ' પર ટકી રહે તેવી કાલજયી રચનાઓ છે. સ્ત્રી સંવેદનાના નિરૂપણમાં તેઓ હંમેશા અનન્ય અને અજોડ રહેશે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

❖ **સંદર્ભગ્રંથ સૂચિ**

૧. "ધીરુબહેન પટેલનું કથાસાહિત્ય", નિરંજના સી. જોશી, ગુજરાતી સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯,

૨. "ગુજરાતી નવલકથા', ચૌધરી રઘુવીર અને શર્મા રાધેશ્યામ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨

૩. 'તાદર્થ્ય' દવે તુષાર, વર્ષ : ૫, અંક : ૪, સપ્ટેમ્બર, ૨૦૧૦

૪ . અનુ આધુનિકતાવાદ, (સં.) ભોળાભાઈ પટેલ અને અન્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩

૫. અનુસર્ગ, દક્ષા વ્યાસ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

૬. અનુસર્ગ, રમેશ શુક્લ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૯ ૭.

૭. અન્યોક્તિ, રવીન્દ્ર પારેખ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧ ૮.

૮. અભિનીત, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૬

૯ . અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા–૨, ધીરુભાઈ ઠાકર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, નવમી આવૃત્તિ : ૧૯૮૨

૧૦. આધુનિક ગુજરાતી નવલકથામાં માનવ, ડૉ.ઉપેન્દ્ર દવે, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨

૧૧. આધુનિક નવલકથા સર્જકો (સુરેશ થી વિનેશ), રામચંદ્ર શુક્લ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬

૧૨. એકાંકી અને ગુજરાતી એકાંકી, (સં.) જયન્ત કોઠારી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦

૧૩. ઓગણીસો એકસઠનું ગ્રંથસ્થ વાઙ્મય, હસિત બૂચ, પ્રથમ આવૃત્તિ : ૧૯૬૩

૧૪. ઈતરોદ્ધાર, ભાનુપ્રસાદ પંડ્યા, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭

૧૫. કથાવલોકન, દીપક મહેતા, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮

૧૬. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૯

૧૭. કથાપદ, સુમન શાહ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૯

૧૮. કથાપર્વ–૨, બાબુ દાવલપુરા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨

૧૯. કથા પ્રસંગ, દીપક મહેતા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૦

૨૦. કથાયન, બાબુ દાવલપુરા, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩

૨૧. કથાયોગ, નરેશ વેદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦